## જન્મદિને વધામણી



ભાનુભાઈ એસ દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



મીનાબેન પરીખ
પત્રકાર
ફોન : ૨૩૨૧૦૮૦૭
મો. ૯૪૨૬૦ ૩૦૩૧૩

# એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં સમૂહ ભોજનનું આયોજન થયું



એસ. જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં શુક્રવારે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ -૧ થી ૪ના વિદ્યાર્થીઓ આ સમૂહ ભોજનમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પોતાના ઘરેથી લાવેલી વાનગીઓનો સ્વાદ સૌએ સાથે મળીને માણ્યો હતો અને પોતાના પ્રિય શિક્ષકોને પણ પોતે લાવેલી વાનગી ચાખવા માટે ઈજન આપ્યું હતું. શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓનો ઉત્સાહ ટકાવી રાખવા માટે તેમના ભોજનનો સ્વાદ ચાખ્યો હતો.

# રાષ્ટ્રીય સેવા યોજનાની ડિજીટલ, સ્વસ્થતા અને શ્રમ શિબિરનું ઉદઘાટન માધવગઢમાં



ગાંધીનગર, તા. ૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યા શાખાની રાષ્ટ્રીય સેવા યોજનાની ડિજીટલ, સ્વસ્થતા અને શ્રમ શિબિરનું ઉદઘાટન કાર્યક્રમ પ્રાથમિક શાળા, માધવગઢમાં આયોજિત કરવામાં આવ્યું શીબીર સાત દિવસ સુધી માધવગઢ ડિજીટલ વિલેજમાં યોજવામાં આવશે જેમાં ઉદ્‌ઘાટન પ્રસંગે મહેમાન તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, ગુજરાત રાજ્યના ક્ષેત્રીય નિર્દેશક કમલકુમાર કર ,બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર રાકેશ ગર્ગ, માધવગઢ ગામના સરપંચ કાનાજી રાઠોડ, માધવગઢ પ્રાથમિક શાળાના આચાર્ય રાજુભાઈ દેસાઈ, ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડૉ.અરૂણભાઈ ગાંધી ,સંસ્થાના ડીન પ્રો.જમનાદાસ સાવલિયા અને શિબિરના સંચાલક ડૉ. દલસંગભાઈ ચૌધરી હાજર રહયા હતા.

સ્વાગત પ્રવચન સંસ્થાના ડીન પ્રો.જમનાદાસ સાવલિયાએ આપ્યું હતું, શિબિરની રૂપરેખા શિબિર સંચાલક ડૉ.દલસંગભાઈ ચૌધરીએ આપી હતી. સુતરની આંટીથી સ્વાગત, સિદ્ધરાજ ચાવડા, અમિત સરવૈય્યા, ભરત નાવડિયા, મેહુલ ડોંડા, બેચર ચૌહાણ, વિશાલ મેતીય, જિગર રાઠોડ અને ગોપાલ મકવાણાએ કર્યું હતું. શિબિરની વિવિધ પ્રવૃતિઓ વિશેની માહિતી ડૉ. ગીતાબેન પટેલે આપી હતી. શિબિરમાં અંદાજિત ૯૫ સ્વયંસેવક ભાગ લઈ રહ્યા છે. શિબિરનો હેતુ ગામના લોકોમાં ડીજીટલ ક્ષેત્ર જાગરૂકતા આવે એ છે અને સાથે સાથે સ્વચ્છ ભારત મિશન હેઠળ ગામમાં સ્વછતા વિશેની જાગરૂકતા ગ્રામજનોમાં આવે અને ખુલ્લામાં શૌચાલય મુક્ત ભારતના સંદર્ભેમાં ગામ ખુલ્લામાં શૌચાલય મુક્ત બને તેવો અપેક્ષાએ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો ગામના લોકોને જાગૃત કરી રહયા છે.

શિબિર દરમિયાન ગામના લોકો અને રાષ્ટ્રોય સેવા યોજનાના સ્વયં સેવકો માટે વિવિધ બોદ્ધિક વર્ગો જેવા કે રોકડ વગર વ્યવહાર વિશેની માહિતી, પર્યાવરણને લગતા પ્રશ્નો, આરોગ્ય ચકાસણી અને ગ્રામ્ય આરોગ્યની સમસ્યાઓ અને ઉકેલ, વેજ્ઞાનીક રીતે પશુપાલન, રોગો અને નિવારણ, સ્વરછ દૂધ ઉત્પાદન અને સજીવ ખેતીનું આયોજન કરવામાં આવશે અને નિષ્ણાત તરીકે રાકેશ ગર્ગ, શ્રી અમિતશાહ, ડૉ.નૈનેશભાઈ વસાવા, તેજસ પટેલ, ડૉ.ડીન.એસ .પટેલ, રમેશભાઈ મ.પટેલ અને શ્રી ગણેશ સેનમા પોતાની સેવાઓ આપશે. ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજ સિલાવટ અને આભારવિધિ ડૉ.વિજયભાઈ મકવાણાએ કરી હતી.

શિબિરમાં ડિજીટલ જાગરૂક્તામાં બેન્ક ઓફ ઈન્ડિયા સાદરા શાખાના મેનેજર રાકેશ ગર્ગ અને તેમનો સ્ટાફ પોતાની સેવા આપી રહ્યો છે.

## ડાયરેક્ટ ❤ સે

ચકાસ્યા કરશો
તો કોઈ પોતાનું નહીં જડે
અને ચાહતા રહેશો
તો કોઈ પારકું નહીં જડે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫

**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# નેચરોથેરાપીમાં બીબીએના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ





## ઈન્ટર્નશીપના માધ્યમથી વિદ્યાર્થીઓ ૩૦ દિવસના અનુભવનું સર્ટીફીકેટ, પ્રેક્ટિકલ જ્ઞાન અને ૧૦ હજાર રૂપિયા જેટલું સ્ટાઈપેન્ડ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી પી કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કૉલેજ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્નાતક કક્ષાએ પ્લેસમૅન્ટ તેમજ ઈન્ટર્નશીપ કરાવતી ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે બીબીએ કૉલેજનું કાર્ય અદભૂત કહી શકાય કારણકે બહુ ઓછી કોલેજ સ્નાતક કક્ષાએ ઈન્ટર્નશીપની તક વિદ્યાર્થીઓને આપતી હોય છે જેને કારણે વિદ્યાર્થીઓ ૩૦ દિવસના અનુભવનું સર્ટીફીકેટ, અભ્યાસની સાથે પ્રેક્ટિકલ જ્ઞાન અને ૧૦,૦૦૦ રૂપિયા જેટલું માતબર સ્ટાઈપેન્ડ મેળવી શકશે.

વિદ્યાર્થીઓ આ ૩૦ દિવસની ઈન્ટર્નશીપ દરમિયાન "હિત હેલ્થ હાઉસ" નેચરોથેરાપીમાં વિવિધ પાસાઓ સમજી સામાન્ય નાગરિક કે જે વિવિધ સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નોનો સામનો કરે છે. તેને આ બાબતે સાચી સમજ કેળવશે. કુલ ૩૧ વિદ્યાર્થીઓએ આ ઈન્ટર્નશીપ ડ્રાઈવમાં ભાગ લીધો હતો જેમાંથી ૨૧ વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ માટે પસંદગી પામ્યા છે.

નેચરોથેરાપીસ્ટ રીપલ ભટ્ટ બીબીએ કોલેજનાં ભુતપૂર્વ વિદ્યાર્થી રહી ચુક્યા છે, તેઓ દ્વારા બી.બી.એ.ના વિદ્યાર્થીઓને પહેલા ત્રિદિવસીય ટ્રેનીંગ આપવામાં આવી હતી અને ત્યારબાદ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપની તક આપવામાં આવી હતી. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમૅન્ટના હેડ ડૉ.જયેશ જે.તન્ના તેમજ પ્રો.આશિષ ભુવાએ જહેમત ઉઠાવી હતી.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં શ્રી જે બી પ્રાથમિક સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૩

શાંતિ કુંજ, હરિદ્વાર દ્વારા પ્રતિવર્ષ યોજાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા આ વર્ષે પણ યોજાઈ હતી, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉર્વિશ આર દરજીએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં રાજ્યકક્ષાની પરીક્ષા માટે તેની પસંદગી કરવામાં આવી છે. ઉર્વિશને આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# રાજ્યકક્ષાના સ્પેશિયલ ઑલિમ્પિક્સમાં જિલ્લાની ખેલ વીરાંગનાએ ભાગ લીધો



સ્પેશિયલ ઑલિમ્પિક્સની રાષ્ટ્રકક્ષાની વૉલીબૉલ સ્પર્ધા ગણપત યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી, જેમાં ગાંધીનગર જિલ્લાની એક વિશિષ્ટ ખેલ વીરાંગનાએ ભાગ લીધો હતો. કલોલની રહેવાસી સોમી વજાજી ઠાકોરે રાષ્ટ્રકક્ષાની આ સ્પર્ધામાં પોતાની ભાગીદારી નોંધાવીને ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કર્યું હતું. સોમીને તેનાં પ્રશિક્ષક યોગિનીબેન અને ગુજરાત ટીમનાં કોચ દેવાંગી દવે પાસેથી તાલીમ પ્રાપ્ત થઈ હતી. જિલ્લાના ખેલપ્રેમી નાગરિકો તરફથી સોમીને અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ગાંધીનગરના કલાકારો દ્વારા

# ચંદ્રાલા અને ઉવારસદમાં નાટકનું મંચન

## જી ઈ ક્લબ અને ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી ગાંધીનગર તાલુકા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે 'આત્મહત્યા નિવારણ' કાર્યક્રમના ભાગરૂપે તૈયાર કરાયેલા નાટકે ૧૦ શો પૂર્ણ કર્યા



ગાંધીનગર, તા. ૩

કલાકારોની બનેલી ગાંધીનગરની સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) અને ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી ગાંધીનગર તાલુકા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે 'આત્મહત્યા નિવારણ' કાર્યક્રમના ભાગરૂપે તૈયાર કરવામાં આવેલા નાટકના બે પ્રયોગ બે દિવસમાં કરવામાં આવ્યા હતા. અને આ બે પ્રયોગ સાથે આ નાટકના કુલ દસ પ્રયોગ સંસ્થા દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા હતા.

યુવાપેઢીમાં આત્મહત્યાના વધતા જતા બનાવો પ્રત્યે ચિંતા વ્યક્ત કરીને જી ઈ ક્લબ દ્વારા 'જીવન અમૂલ્ય છે' નામક નાટ્યનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેનું મંચન રેડક્રોસ ગાંધીનગર તાલુકા બ્રાન્ચના સૌજન્યથી કરવામાં આવી રહ્યું છે.

કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત આ અનોખા નાટકનો નવમો શો ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલા ખાતે બુધવાર, તા. ૧ ફેબ્રુઆરીના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સંસ્થા સંચાલિત હૉસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓ તથા અતિથિઓએ આ નાટ્ય પ્રયોગ રસપૂર્વક નિહાળ્યો હતો અને કલાકારોની સરાહના કરી હતી. ટ્રસ્ટી મનુભાઈ પટેલ, કે કે પટેલે કલાકારો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. નાટકની પૂર્વભૂમિકા મુકેશ પંડ્યા દ્વારા આપવામાં આવી હતી.

નાટકનો દસમો શો ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામે ગુરુવાર, તા. ૨ ફેબ્રુઆરીના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે ગ્રામજનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા બેટી બચાવો વિષયક નાટક, આદિવાસી નૃત્ય, લોકનૃત્ય અને ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત 'જીવન અમૂલ્ય છે' નાટકની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી, જેને વિદ્યાર્થીનીઓ, ગ્રામજનો દ્વારા સરાહવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. રાવે કલાકારોને આવકાર્યા હતા અને તેમનો પરિચય ગ્રામજનોને કરાવ્યો હતો, કુંતલ નિમાવતે આત્મહત્યા વિષયની ગંભીરતાનો ખ્યાલ ગ્રામજનો સમક્ષ આપ્યો હતો. ત્યારબાદ આ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું.

આ નાટકમાં ફાલ્ગુન નંદા, પ્રતીક હીરપરા, ધ્રુવ પંચાસરા, મહેન્દ્ર હડીયા, અર્થ સાધુ, દેવલ રામાવત, આકાશ ગોહિલ, ગાયત્રી પંચાલ, પ્રીતિ મહેતા, નિકીતા પરમાર, પ્રતિક્ષા નિમાવત, સાબિર મલેક, પર્વ નિમાવત, દિલીપસિંહ ઝાલા અને મૌન સાધુ દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે આ અનોખા નાટકનું મંચન ગાંધીનગરના આ સંવેદનશીલ કલાકારો સેવાભાવનાથી કરી રહ્યા છે અને કોઈપણ શૈક્ષણિક, સ્વૈચ્છિક સંસ્થા કે મંડળ માટે આ નાટકના શોનું મંચન કરવાની જાહેરાત તેમના દ્વારા કરવામાં આવી છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**